# મણિઆરના ખાખરાની સ્વાદિષ્ટ સફળતા

રાજકોટ: લિજ્જતદાર ભારતીય વ્યંજનોએ દુનિયાભરના ભોજનપ્રેમી લોકોના દિલ જીતી લીધા છે અને હવે સમય આવ્યો છે હલકી-ફૂલકી સ્વાદિષ્ટ મસાલેદાર કરકરી વાનગીઓની લોકપ્રિયતાનો. હલ્કાં-ફૂલ્કાં, સ્વાદિષ્ટ, મસાલેદાર અને કરકરા વ્યંજનની વાત નીકળે તો તેમાં સૌથી મોખરે આવે ખાખરાનું નામ. ખાખરા ભોજનમાં સદાબહાર છે, તે ચા-કોફી સાથે નાસ્તા તરીકે પણ લેવાય, બિયર સાથે પણ મંચિંગ તરીકે પણ ચાલે અને ડાયેટીંગ કરતાં લોકો બપોરના જમવામાં પણ તેનો ઉપયોગ કરે. આજે ભારતમાં જ નહીં, સાત સમંદર પાર વસતા વિદેશીઓને પણ ખાખરાનો સ્વાદ દાઢે વળગ્યો છે. ગુજરાત બહાર જ નહીં, વિદેશની ધરતી પર પણ ખાખરાને લોકપ્રિય કરવામાં એચ.એસ.એમ. ફુડ્ઝ ઈન્ટરનેશનલનું મહત્ત્વનું પ્રદાન છે.

"MANIARR'S" બ્રાન્ડથી ખાખરાને દેશ-વિદેશમાં આગવી ઓળખ આપનાર આ કંપનીના પાર્ટનર અને સીઈઓ સંજયભાઈ મણિઆર કહે છે, 'ખાખરા આજે ગુજરાતીના ઘરમાંથી બહાર



નીકળીને જગતભરના લોકોની પ્રિય વાનગી બની રહ્યા છે. ખાખરા એક સ્વાદિષ્ટ અને સ્વાસ્થ્યપ્રદ વાનગી તરીકે વિદેશીઓમાં ઝડપભેર જાણીતા બન્યા છે તેનું એક કારણ એ છે કે તેમાં ઝીરો કોલેસ્ટ્રોલ હોવા ઉપરાંત નહિવત્ ફેટ હોય છે.'

કંપનીની સફળતાનું રહસ્ય છતું કરતાં સંજયભાઈ કહે છે, 'કંપનીની સફળતાના મૂળમાં સૌનો સહિયારો પ્રયાસ છે. કંપનીના પાર્ટનર અને પરિવારના સભ્યોનું જ નહીં, પણ રાજકોટના નાના-નાના ગામડાંની ૨૦૦૦ બહેનોનું પણ આમાં યોગદાન છે. દરરોજના ૫૦૦૦ કીલોગ્રામ ખાખરા બનાવવાની ક્ષમતા ધરાવતા એચ.એસ.એમ. ફુડ્ઝ ઈન્ટરનેશનલના યુનિટમાં બહેનો દર સેકન્ડ ત્રણ ખાખરા બનાવે છે. આજે "MANIARR'S" બ્રાન્ડના ખાખરા મેથી, મસાલા, જીરા, સાદા, મેથી-બાજરી, લસણ-બાજરી, કોથમીર-મરચા અને લસણના સ્વાદમાં ઉપલબ્ધ છે.' સંજયભાઈ કહે છે, 'અમારી કંપનીમાં ઉત્પાદીત વસ્તુઓ નિકાસ માટે છે અને અમો ભારત સરકાર પ્રમાણિત સ્ટાર નિકાસ એકમ છીએ.

અમારી કંપની યુએસ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની મેમ્બરશીપ ધરાવે છે તો સાથોસાથ અમે ભારતીય રિઝર્વ બેંકની યોજના હેઠળ ગોલ્ડ કાર્ડ ધારક પણ છીએ.